ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા



માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ * * * સંવત ૨૦૮૨ ભાદરવા વદ તેરસ ગુરુવાર ૮ ઓક્ટોબર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૯૫

પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦

રિઝર્વ બેંકે 4 વર્ષે વ્યાજ દર પા. ટકા વધાર્યો

રેપો રેટ વધીને 5.50 ટકા થયો, હોમ-ઓટો લોનની ઈએમઆઈ મોંઘી થવાના એંધાણ

ફૂડ ઓઈલના વધતા ભાવ, નબળો રૂપિયો અને ખરાબ ચોમાસાના કારણે આરબીઆઈએ પોલિસી વલણ 'કેલિબ્રેટેડ ટાઇટનિંગ' કર્યું

નિષ્ણાતોના મતે આગામી મહિનાઓમાં આરબીઆઈ દ્વારા વધુ 25થી 75 બેસિસ પોઈન્ટનો વ્યાજ દર વધારો થઈ શકે

મુંબઈ, તા. 7 (PTI): ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ) દ્વારા બુધવારે પોતાના મુખ્ય વ્યાજ દર એટલે કે રેપો રેટમાં 25 બેસિસ પોઈન્ટનો વધારો કરીને તેને 5.50 ટકા કરી દેવામાં આવ્યો છે. લગભગ ચાર વર્ષમાં વ્યાજ દરમાં કરવામાં આવેલો આ પ્રથમ વધારો છે. આ સાથે જ આરબીઆઈએ સંકેત આપ્યા છે કે નજીકના ભવિષ્યમાં વ્યાજ દરોમાં ઘટાડો થવાની કોઈ શક્યતા નથી, અને વધતી મોંઘવારી, કમજોર થતો રૂપિયો તથા ક્રૂડ ઓઈલની ઊંચી કિંમતો વચ્ચે આગામી સમયમાં વ્યાજ દરોમાં વધુ વધારો થઈ શકે છે.

આરબીઆઈની છ સભ્યોની મોનિટરિંગ પોલિસી કમિટી (એમપીસી)એ સર્વાનુમતે રેપો રેટ વધારવાનો નિર્ણય લીધો હતો. આ સિવાય કમિટીએ પોલિસીના વલણને 'ન્યુટ્રલ' માંથી બદલીને 'કેલિબ્રેટેડ ટાઈટનિંગ' કરીને સૌને ચોંકાવી દીધા હતા. પોલિસીનું વલણ બદલવાનો નિર્ણય 4:2ની બહુમતીથી લેવાયો હતો. બાહ્ય સભ્યો નાગેશ કુમાર અને રામ સિંહનો અભિપ્રાય હતો કે પોલિસીના વલણને ન્યુટ્રલ જ રાખવું જોઈએ.

ડિસેમ્બર 2024માં પદ સંભાળનાર ગવર્નર સંજય મલ્હોત્રાના કાર્યકાળમાં વ્યાજ દરમાં આ પ્રથમ વધારો છે. પશ્ચિમ એશિયાના સંકટ બાદ ક્રૂડ ઓઈલની વધતી કિંમતો, ચલણમાં નબળાઈ અને અલ નીનોની અસરોને કારણે વિશ્વની સેન્ટ્રલ બેંકો પર વ્યાજ દર વધારવાનું દબાણ જોવા મળી રહ્યું છે. ગવર્નર મલ્હોત્રાએ જણાવ્યું કે નજીકના ગાળામાં રેટ કટ વિકલ્પ બહાર છે અને આગામી સમયમાં સંજોગો અને દ્રષ્ટિકોણને આધારે વ્યાજ દર વધી શકે છે અથવા સ્થિર રહી શકે છે. દરોમાં વધુ કડકતાનો સમય અને વ્યાપ મોંઘવારી અને આર્થિક વૃદ્ધિની સ્થિતિ પર આધાર રાખશે.

બીજી તરફ, પ્રથમ ત્રિમાસિક ગાળામાં જીડીપી વૃદ્ધિ દર 7.8 ટકા રહ્યા બાદ આરબીઆઈએ નાણાકીય વર્ષ 2026-27 માટે જીડીપી વિકાસ દરનો અંદાજ 40 બેસિસ પોઈન્ટ વધારીને 7.1 ટકા કર્યો છે. ઉત્પાદન અને સેવા ક્ષેત્રમાં સુધારો જળવાઈ રહ્યો છે.

વ્યાજ દરમાં વધારા છતાં ભારતની આર્થિક પ્રગતિ મજબૂત રહેશે તેમ બેંકનું માનવું છે.

બુધવારના આ વ્યાજ દર વધારા સાથે, અર્થશાસ્ત્રીઓ વ્યાજ દરોમાં વધારાના એક નવા ચક્રની શરૂઆત જોઈ રહ્યા છે. નિષ્ણાતોના મતે આગામી મહિનાઓમાં આરબીઆઈ દ્વારા વધુ 25થી 75 બેસિસ પોઈન્ટનો વ્યાજ દર વધારો થઈ શકે છે.

ધિરાણ વૃદ્ધિ અંગે વાત કરતા રિઝર્વ બેંકે જણાવ્યું કે હાલના 18 ટકાથી વધુના ક્રેડિટ ગ્રોથમાં થોડો ઘટાડો આવી શકે છે, પરંતુ તેનાથી એકંદર આર્થિક વિકાસને અસર થશે નહીં. યુપીઆઈ ટ્રાન્ઝેક્શન પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર) ના નામે નાની ફી વસૂલવાથી ટ્રાન્ઝેક્શન વોલ્યુમ પર કોઈ મોટી અસર નહીં પડે તેમ ગવર્નરે સ્પષ્ટ કર્યું હતું.

આ નીતિગત બદલાવ વ્યાપક બનતા મોંઘવારીના આંચકાને નિયંત્રિત કરવા અને મજબૂત સ્થાનિક આર્થિક વિકાસને જાળવી રાખવા વચ્ચેનું એક સંતુલન દર્શાવે છે. બેંકે જણાવ્યું કે વ્યાજ દરોમાં વધારાના આ ચક્રનો સમયગાળો અને વ્યાપ વાસ્તવિક વિકાસ દર અને મોંઘવારીના પરિણામો પર આધાર રાખશે.

વ્યાજદરમાં વધારાની અસર ગ્રાહક સુધી પહોંચતા 3થી 6 મહિના લાગશે

આરબીઆઈના ડેપ્યુટી ગવર્નર સ્વામીનાથન જે.ના જણાવ્યા મુજબ, બેંકિંગ ક્ષેત્રે આરબીઆઈના વ્યાજ દર વધારાની સંપૂર્ણ અસર ગ્રાહકોની લોન અને વ્યાજ દરો સુધી પહોંચવામાં સામાન્ય રીતે 6 મહિના (બે ત્રિમાસિક ગાળા) જેટલો સમય લાગતો હોય છે. દરો વધવાથી અને માંગ ઘટવાથી લોનમાં મામૂલી ઘટાડો થશે, પરંતુ હાલનો 18% નો ધિરાણ દર છેલ્લા 10 વર્ષની સરેરાશ (12-14%) કરતાં ઘણો વધારે છે. આથી, થોડો ઘટાડો થાય તો પણ દેશના આર્થિક વિકાસ માટે પૂરતી ધિરાણ વ્યવસ્થા જળવાઈ રહેશે. આરબીઆઈએ વ્યાજ દરોમાં વધારો કર્યો હોવા છતાં દેશના બેંકિંગ ક્ષેત્ર કે આર્થિક વિકાસ પર તેની કોઈ વિપરીત અસર નહીં પડે. વ્યાજ દર વધવાથી બેંકોની લોન (ધિરાણ) આપવાની ઝડપમાં થોડો ઘટાડો થઈ શકે છે, પરંતુ તે સામાન્ય બાબત છે.

ક્રૂગાવાના અંદાજમાં મામૂલી વધારો

ભારતમાં ઓગસ્ટ મહિનામાં છૂટક મોંઘવારી દર વધીને 4.82 ટકા થયો હતો, જે સતત ત્રીજા મહિને આરબીઆઈના 4 ટકાના મધ્યમ ગાળાના લક્ષ્યાંકથી ઉપર રહ્યો હતો, જ્યારે મુખ્ય ક્રુગાવો વધીને 4.2 ટકા થયો હતો. ખાદ્ય ચીજો અને ઈંધણના ભાવમાં વધારો, અપૂરતો વરસાદ, અલ નીનો અને આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઈલના ભાવમાં અસ્થિરતાને કારણે મોંઘવારીનું જોખમ વધ્યું છે. ચાલુ નાણાકીય વર્ષ માટે છૂટક ક્રુગાવાનો અંદાજ 5 ટકાથી નજીવો વધારીને 5.2 ટકા કરવામાં આવ્યો છે. પશ્ચિમ એશિયાના તણાવ વચ્ચે સપ્ટેમ્બરમાં ઈન્ડિયન ક્રૂડ બાસ્કેટનો સરેરાશ ભાવ બેરલ દીઠ 116.1 ડોલર રહ્યો હતો, જે જુલાઈમાં 82 ડોલર હતો.

આ નિર્ણય બાદ રૂપિયામાં અને શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો

રૂપિયા અંગે વાત કરતા ગવર્નરે આશ્વાસન આપ્યું હતું કે રૂપિયો સ્થિર થાય અને તેની સાચી કિંમત મેળવે તે માટે આરબીઆઈ જરૂરી મદદ કરશે અને બજારમાં વધુ પડતી અસ્થિરતા આવવા દેશે નહીં. બુધવારે ડોલર સામે રૂપિયો 43 પૈસા ઘટીને 96.78ની સપાટીએ બંધ રહ્યો હતો. વ્યાજ દરમાં વધારાના નિર્ણય બાદ શેરબજારમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો, જ્યાં બીએસઈ સેન્સેક્સ 429.11 પોઈન્ટ ઘટીને 72,638.70 પર અને એનએસઈ નિફ્ટી 173.05 પોઈન્ટ ઘટીને 22,603.05ના સ્તરે બંધ થયો હતો.

સત્તામાં 25 વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે સંબોધન

'વી વિલ ડુ ઈટ': વિકસિત ભારત માટે મોદીનો નવો નારો

વોટબેંકનું રાજકારણ વિકાસમાં મોટો અવરોધ, 25 વર્ષ પહેલાં સરકારના વડા તરીકે શરૂ થયેલી સફરને યાદ કરી મોદીએ કહ્યું 'કર્મ જ મારો ધર્મ છે'

દરેક ઘટનાએ મને કંઈક ને કંઈક શીખવ્યું છે જેણે મને પાડ્યો, તેણે જ મને ઊભા થતાં શીખવાડ્યું

નવી દિલ્હી, તા. 7 (PTI): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે 'વિકસિત ભારત સંકલ્પ સભા'ને સંબોધિત કરતા દેશવાસીઓને વર્ષ 2047 સુધીમાં ભારતને એક વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે 'વી વિલ ડુ ઈટ' (અમે આ કરીને જ જંપીશું)નો નવો અને મજબૂત નારો આપ્યો હતો. પીએમ મોદીએ પોતાના સંબોધનમાં 'વી વિલ ડુ ઈટ' નારાનો 19 વાર ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે ભારત વિકસિત ન થાય ત્યાં સુધી તેઓ ન અટકશે ન થાકશે.

...અનુસંધાન પાના 11 પર

મોદીએ 'વી વિલ ડુ ઈટ' નારાનો 19 વાર ઉલ્લેખ કર્યો

- મોદીએ પોતાના સંબોધનમાં વી વિલ ડુ ઈટ નારાનો 19 વાર ઉલ્લેખ કર્યો હતો જેમાં 6 લક્ષ્યાંકો માટે તેમણે આ જ નારો લગાવ્યો હતો.
- **વિકસિત ભારત 2047:** વી વિલ ડુ ઈટ
- **ટોચની 3 વૈશ્વિક અર્થવ્યવસ્થા:** વી વિલ ડુ ઈટ
- **આત્મનિર્ભર ભારત:** વી વિલ ડુ ઈટ
- **ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ હબ:** વી વિલ ડુ ઈટ
- **ઓલિમ્પિક્સનું આયોજન:** વી વિલ ડુ ઈટ
- **અંતરિક્ષ ક્ષેત્રે નવી ઊંચાઈઓ:** વી વિલ ડુ ઈટ

દિલ્હી ડાયરી

સુપ્રીમ કોર્ટ અને સંસદીય સમિતિની રદ થયેલી બેઠક

સુપ્રીમ કોર્ટ દ્વારા 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' વિધેયકો પર સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી) સાથેની પ્રસ્તાવિત બેઠક અંગે વિવાદ સર્જાયો છે. સર્વોચ્ચ અદાલત દ્વારા નિર્ધારિત બેઠક છેલ્લી ઘડીએ રદ કરવામાં આવી હતી. જેપીસીના અધ્યક્ષ અને ભાજપના સાંસદ પી.પી. ચૌધરીએ ગઈ કાલે જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટે 22 સપ્ટેમ્બરના રોજ સમિતિને પત્ર લખીને 6 ઓક્ટોબરના રોજ સાંજે 4.20 વાગ્યે તેના સભ્યો સાથે બેઠક કરવાની પુષ્ટિ કરી હતી, પરંતુ 1 ઓક્ટોબરે તે રદ કરવાનો નિર્ણય લીધો હતો. પ્રસ્તાવિત બેઠક સામે વાંધાઓ ઉઠાવ્યા બાદ આ બેઠક કરવામાં આવી હતી. સમિતિના સભ્યોને મોકલેલા પરિપત્ર મુજબ, જેપીસી 'દેશભરમાં એકસાથે ચૂંટણીઓ યોજવાના મુદ્દે' મુખ્ય ન્યાયાધીશ

...અનુસંધાન પાના 11 પર

વડા પ્રધાન મોદીને વૈશ્વિક નેતાઓ તરફથી મળ્યા અભિનંદન

પીએમ મોદી આપણા સમયના અવતાર છે: ભૂટાનના વડા પ્રધાન

વૈશ્વિક મંચ પર ભારતનું કદ વધાર્યું: જાપાનના પીએમ

મોદીએ વૈશ્વિક નેતાઓનો આભાર માન્યો

ટોક્યો-કાઠમાંડુ, તા. 7 (PTI): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેર જીવનમાં સરકારના વડા તરીકે 25 વર્ષ પૂર્ણ કરતા વિશ્વના વિવિધ દેશોના રાજકીય નેતાઓએ તેમને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. પીએમ મોદી 7 ઓક્ટોબર 2001ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા અને ત્યારબાદ 2014થી દેશના વડા પ્રધાન તરીકે સતત સેવા આપી રહ્યા છે.

જાપાનના વડાપ્રધાન સનાએ તાકાઈચીએ પીએમ મોદીના નેતૃત્વ અને ભારતના વિકાસ તથા વૈશ્વિક મંચ પર દેશનું કદ વધારવા બદલ તેમની પ્રશંસા કરી હતી. તેમણે જાપાન-ભારત ભાગીદારીને નવી ઊંચાઈએ લઈ જવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ભૂટાનના વડા પ્રધાન શેરિંગ તોબગેએ પીએમ મોદીને 'આપણા સમયના અવતાર' ગણાવ્યા હતા અને કહ્યું હતું કે તેમણે ભારતીયોમાં આત્મવિશ્વાસ જગાડ્યો છે.

ફિલિપાઈન્સના રાષ્ટ્રપતિ બોંગબોંગ માર્કોસે સુશાસન અને ટેકનોલોજી દ્વારા ભારતના રૂપાંતરણની પ્રશંસા કરી અને નવેમ્બરમાં મનિલા ખાતે એશિયન-ઈન્ડિયા સમિટમાં પીએમ મોદીનું સ્વાગત કરવાની આશા વ્યક્ત કરી હતી. બેલ્જિયમના વડા પ્રધાન બાર્ટ ડિ વ્યુવરે ગુજરાતથી નવી દિલ્હી સુધીના 25 વર્ષના સતત નેતૃત્વ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

આ ઉપરાંત નેપાળના વડા પ્રધાન બાલેન્દ્ર શાહે 25 વર્ષની સમર્પિત સેવા બદલ શુભેચ્છા પાઠવી હતી.

...અનુસંધાન પાના 11 પર

10 ઓક્ટોબરે દિલ્હીમાં મોટા વિરોધ પ્રદર્શનનું આહ્વાન

મુખ્ય ચૂંટણી કમિશનર સામે કોકરોચ જનતા પાર્ટીની આરપારની લડાઈ

જ્ઞાનેશ કુમાર રાજીનામું આપે તો પણ ચૂંટણી પ્રક્રિયાની સફાઈ સુધી લડાઈ ચાલુ રહેશે

નવી દિલ્હી, તા. 7 (PTI): મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે 10 ઓક્ટોબરે યોજાનારા વિરોધ પ્રદર્શન પહેલાં કોકરોચ જનતા પાર્ટી (સીજેપી) અને વિવિધ વિદ્યાર્થી સંગઠનોએ બુધવારે એક સંયુક્ત પત્રકાર પરિષદ યોજીને સંયુક્ત રીતે એકત્ર થવાનું આહ્વાન કર્યું હતું. સંગઠનોએ સ્પષ્ટ કર્યું હતું કે જ્યાં સુધી સમગ્ર ચૂંટણી પ્રક્રિયામાં વ્યાપક સુધારા કરવામાં નહીં આવે

...અનુસંધાન પાના 11 પર

દિલ્હીમાં વિપક્ષનો હંગામો: રાહુલ અને પ્રિયંકાની બળજબરીપૂર્વક અટકાયત

જંતર-મંતર તરફ જતાં રાહુલ-પ્રિયંકાને પોલીસે અટકાવ્યા

પ્રિયંકા ગાંધી બંધારણની નકલ સાથે રસ્તા પર સૂઈ ગયા; પોલીસે ઊંચકીને અને ધક્કામુક્કી કરીને બસમાં બેસાડ્યા

કોંગ્રેસ નેતાઓએ પોલીસ બસના બોનેટ અને છત પર ચડીને વિરોધ નોંધાવ્યો

ખડગેએ કહ્યું, 'તાનાશાહ સરકાર લાંબો સમય નહીં ટકે'

નવી દિલ્હી, તા. 7 (PTI): નવી દિલ્હી ખાતે બુધવારે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી, વાયનાડના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રા અને ઈન્ડિયા ગઠબંધનના અનેક સાંસદો તથા નેતાઓની દિલ્હી પોલીસ દ્વારા બળજબરીપૂર્વક અટકાયત કરવામાં આવી હતી. આ તમામ નેતાઓ મુખ્ય ચૂંટણી કમિશન રજ્ઞાનેશ કુમાર વિરુદ્ધ અને 'વોટ ચોરી' જેવા ગંભીર મુદ્દાઓ સામે વિરોધ પ્રદર્શન કરવા માટે

...અનુસંધાન પાના 11 પર

પ્રિયંકા ગાંધીનો આક્ષેપ: મને જમીન પર ફેંકી દેવાઈ અને નખ મારવામાં આવ્યા

જનપથ ખાતે વિરોધ પ્રદર્શન દરમિયાન દિલ્હી પોલીસના વલણ સામે પ્રિયંકા ગાંધી વાડ્રાએ ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે કહ્યું કે, મહિલા પોલીસે તેમની અટકાયત કરતી વખતે તેમને જમીન પર ફેંકી દીધી હતી અને હાથ-શરીર પર નહોર ભર્યા હતા. પ્રિયંકા ગાંધીએ આક્રોશ વ્યક્ત કરતા કહ્યું, 'જે સાંસદો માત્ર ચૂંટણી કમિશનરને મળવાની માગ કરી રહ્યા છે, તેમની સાથે આવો વ્યવહાર કરાઈ રહ્યો છે. સાંસદોને મારવામાં આવી રહ્યા છે. પરંતુ અમે અહીંથી ખસવાના નથી.'

જ્યાં સુધી રાજીનામું નહીં આપે ત્યાં સુધી પ્રદર્શનો ચાલુ રહેશે: રાહુલ

અટકાયત દરમિયાન પોલીસ બસમાં બેઠા-બેઠા જ રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર વીડિયો સંદેશ જાહેર કરીને સ્પષ્ટ કર્યું હતું કે, 'જ્યાં સુધી મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર રાજીનામું નહીં આપે ત્યાં સુધી આપણું વિરોધ પ્રદર્શન અટકશે નહીં." તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આ લડાઈ દેશની સૌથી

...અનુસંધાન પાના 11 પર

ભાજપનો રાહુલ પર પ્રદર્શન દરમિયાન મહિલા પોલીસ સાથે અયોગ્ય વર્તણૂક કરવાનો આરોપ

ભાજપે બુધવારે ગંભીર આક્ષેપ કરતા કહ્યું કે, દિલ્હીમાં વિપક્ષી સાંસદોના પ્રદર્શન દરમિયાન રાહુલ ગાંધીએ એક મહિલા પોલીસ અધિકારીને અયોગ્ય રીતે સ્પર્શ કરવાનો અને ધક્કો મારવાનો પ્રયાસ કર્યો હતો. ભાજપના પ્રવક્તા પ્રદીપ ભંડારી અને ગૌરવ ભાટિયાએ વીડિયો ક્લિપ શેર કરીને આ વર્તનને શરમજનક

...અનુસંધાન પાના 11 પર

વડોદરા શહેરનું હવામાન

તા. ૦૭-૧૦-૨૦૨૬નું

વરસાદ (૧૮.૦૦ કલાક સુધી)	આજનો	મોસમનો
	0.0 મીમી	૬૬૨ મીમી

તાપમાન	મહત્તમ	લઘુત્તમ	ભેજ
	૩૭.૦ સે.	૨૫.૦ સે.	૪૨%